# જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સુરત.

**વિમલ કે. વ્યાસ**
ચેરમેન અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ

**એચ.વી.જોટાણીયા**
પૂર્ણકાલીન સચિવ,
(અધિક સીની.સિવિલ જજ અને એડી.ચીફ જયુડી.મેજી.)

રુમ નં. ૭૨૩, સાતમો માળ,
જિલ્લા ન્યાયાલય,આઠવાલાઈન્સ,
સુરત – ૩૯૫ ૦૦૭.

ફોન અને ફેક્સ નં. :– ૦૨૬૧–૨૬૫૧૮૦૪
ઈ–મેઈલ :– **dlsa.sur-gj@nic.in**

જાવક નં. ૨૫/૬૦૩૫/સને ૨૦૨૨.
તારીખ :– ૨૬.૦૮.૨૦૨૨.

પ્રતિશ્રી,
જીલ્લા શિક્ષણઅધિકારીશ્રી,
જીલ્લા શિક્ષણઅધિકારીશ્રીની કચેરી,
<u>સુરત....</u>

વિષય :– તા.૦૯.૦૯.૨૦૨૨ ના રોજ સુરત ખાતેની તમામ સ્કુલોના પ્રિન્સીપાલશ્રી સાથે પોકસો એકટ તથા જુવેનાઈલ જસ્ટીસ એકટ તળેના ઓનલાઈન કાર્યક્રમની જાણ કરવા બાબત....

સંદર્ભ :– ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના પત્ર નં.જી.એસ.એલ.એસ.એ.૧૬૩૪ /૨૦૧૮, તા.૨૩.૧૦.૨૦૧૮.

સવિનય આજ્ઞાનુસાર જણાવવાનું કે, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ દ્વારા ઉપરોકત સંદર્ભીત પત્રથી **SOCIAL AXIOM FOUNDATION** નાઓને અત્રેની ઓથોરીટી દ્વારા પોકસો એકટ–૨૦૧૨ તથા જુવેનાઈલ જસ્ટીસ એકટ તળેના કાનૂની જાગૃતિ કાર્યક્રમો કરવા માટે સપોર્ટ કરવા જણાવવામાં આવેલ છે.

સદરહું ફાઉન્ડેશન દ્વારા સુરત ખાતે આવેલ તમામ સ્કુલોના પ્રિન્સીપાલશ્રી માટે તા.૦૯.૦૯.૨૦૨૨ ના રોજ ઓનલાઈન પોકસો એકટ તથા જુવેનાઈલ જસ્ટીસ એકટ તળેનો જાગૃતિ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ અંગેનો ચોકકસ સમય અને મીટીંગ આઈ.ડી. તથા પાસવર્ડ આવ્યેથી આપશ્રીને મોકલાવવામાં આવશે.

હાલમાં રોજબરોજ શાળાઓમાં બનતા બનાવોને ધ્યાનમાં રાખીને આવા કાર્યક્રમો કરી શાળાના આચાર્યશ્રીઓ પણ આ બાબતે જાગૃત થાય તે જરુરી છે.

વધુમાં સદરહું કાર્યક્રમ દરમ્યાન શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓનું શિક્ષણ કાર્ય ન બગડે અને શાળાને કોઈ અડચણ ઉભી ન થાય તેની તકેદારી રાખવામાં આવશે.

જેથી સદરહું કાર્યક્રમ અંગેની આપના તાબા તળે આવતી તમામ સ્કુલોમાં જાણ કરવા વિનંતી છે અને આ અંગેનો તમામ શાળાઓને આદેશ કરતો પરીપત્ર/કચેરી હુકમ કરવામાં આવે તેની એક નકલ અત્રે મોકલાવવા વિનંતી કે જેથી કરીને સદરહું નકલની જાણ ફાઉન્ડેશનને કરી શકાય.

આભાર સહ,

26/8/2022.

(એચ.વી.જોટાણીયા)
સચિવ,
જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,
રાજકોટ.